અનુસુચિત જનજાતિના શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઈ કરવા હંગામી તકેદારી એકમ (VIGILANCE CELL)ની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :અજપ/૧૧૨૦૧૮/૨૮૩/ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૩/૦૪/૨૦૧૮

**વંચાણે લીધો :-**

૧)નામદાર સુપ્રિમકોર્ટ, નવી દિલ્હીની સ્પે.સીવીલ અપીલ નં.૫૮૫૪/૧૯૯૪નો ચુકાદો

૨)સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ) વિભાગના ઠરાવ ક્રમાંક-અજપ/૧૦૯૭/૧૬૪૯/ચ તા.૨૦/૦૭/૨૦૦૦

૩)આ વિભાગના ઠરાવ ક્રમાંક-અજપ/૧૯૯૭/૧૬૪૯/ચ, તા.૨૮/૦૫/૨૦૧૦

૪) કમિશનરશ્રી,( આ.વિ.)ની કચેરીનો પત્ર નં.આવિ/તા.સં./૧/ફા.નં.૩૩૩૭/૨૦૧૮/૫૪૨, તા. ૦૩/૦૩/૨૦૧૮

**ઠરાવ :-**

આમુખ- વંચાણે લીધા ક્રમાંક-(૨) હેઠળના ઠરાવથી રાજયમાં અનુસૂચિત જનજાતિના જાતિ પ્રમાણપત્ર ધારકોના કિસ્સામાં શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઈ અને માન્યતા નક્કી કરવા માટે રાજયકક્ષાની વિશ્લેષણ સમિતિ નિમવામાં આવેલ છે.જેની પુન:રચના વંચાણે લીધા ક્રમાંક-(૩) હેઠળના ઠરાવથી કરવામાં આવેલ.

ઉક્ત વંચાણે લીધા ક્રમાંક-(૧) મુજબ કુમારી માધુરી પાટીલ વિરૂધ્ધ એડીશનલ કમિશનર, આદિજાતિ વિકાસ,કોંકણ ડિવીઝન સામેના કેસમાં નામ.સર્વોચ્ચ અદાલતે આપેલ ચુકાદામાં શંકાસ્પદ કે ખોટા જણાતા જાતિ પ્રમાણપત્રોની ખરાઈ અને સામાજીક દરજ્જા આધારીત પ્રમાણપત્રોનું વિશ્લેષણ અને માન્યતા આપવા વિશ્લેષણ સમિતિ હસ્તક એક વિજીલન્સ સેલની રચના કરવાનો નિર્દેશ કરાયેલ.

તાજેતરમાં વિવિધ સરકારી કચેરીઓમાં ભરતી બોર્ડ/જીપીએસસી/ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા છેલ્લા વર્ષોમાં ઘણી નિમણૂકો આપવામાં આવેલ છે. જે પૈકી વંચાણે લીધેલ ક્રમાંક: ૪ થી કમિશનરશ્રી(આ.વિ.)એ અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો પર નિમણૂક પામેલા ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રો શંકાસ્પદ હોવા અંગે તેમજ વિવિધ અરજદારો તરફથી મળેલ રજૂઆત સંદર્ભે ૧૦ (દસ) વિજીલન્સ સેલની રચના કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ. જેથી ઉક્ત સંદર્ભે વિજીલન્સ સેલની રચના કરવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી માટે હંગામી ધોરણે કમિશનર,આદિજાતિ વિકાસની કચેરી,બિરસા મુંડા ભવન, ગાંધીનગર ખાતે વિશ્લેષણ સમિતિ હસ્તક દસ રાજ્યકક્ષાના તકેદારી એકમ (VIGILANCE CELL)ની રચના કરવા આથી મંજુરી આપવામાં આવે છે.જેમાં નીચે દર્શાવ્યા મુજબનું નીચેની વિગતોએ તેમજ શરતોને આધીન મહેકમ આથી મંજુર કરવામાં આવે છે.

| ક્રમ નંબર | હોદ્દો | જગ્યાની સંખ્યા | જગ્યાનું પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | ડી.વાય.એસ.પી.(સીનીયર) | ૧૦ પ્રતિનિયુક્તિ થી | ૫૬,૧૦૦-૧,૭૭,૫૦૦ |
| ૨ | પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૦ પ્રતિનિયુક્તિ થી | ૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦ |
| ૩ | રીસર્ચ ઓફીસર | ૧૦ પ્રતિનિયુક્તિ થી | ૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦ |
| ૪ | મદદનીશ કમિશનર | ૧૦(નિવૃત ) કરાર આધારિત | ૧૭૨૮૬/-( ફિક્સ) |
| ૫ | નાયબ મામલતદાર | ૧૦ પ્રતિનિયુક્તિ થી | ૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦ |
| ૬ | લીગલ કન્સલ્ટન્ટ | ૩ કરાર આધારિત | ૪૦,૦૦૦/- ( ફિક્સ ) |
| કુલ | | ૫૩ જગ્યાઓ | |

શરતો:-

(૧) નામદાર વડી અદાલતના આ પ્રકરણ સંબંધિત ચુકાદા આધારીત સમયમર્યાદામાં કામગીરી કરવાની રહેશે.

(પાછળ)

(૨) પત્રકમાં દર્શાવ્યા મુજબ ક્રમાંક:૧થી૬ની જગ્યાઓ ભરવાની રહેશે.

(૩) પત્રકમાં દર્શાવ્યા મુજબ ક્રમાંક-૪ની નિવૃત મદદનીશ કમિશનરની ૧૦(દસ) જગ્યાઓ કરાર આધારિત ધોરણે ફિક્સ પગારથી ભરવાની રહેશે તેમજ ક્રમાંક: ૬ની લીગલ કન્સલ્ટન્ટની ૦૩(ત્રણ) જગ્યાઓ ફિક્સ પગારથી ભરવાની રહેશે.

(૪) સદર ૧૦ વિજીલન્સ સેલ(તકેદારી એકમ)ની રચના હંગામી ધોરણે ૦૯(નવ) માસ પૂરતી જ રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૦૨/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિદ્યુત પંડયા)
સરકારના સંયુક્ત સચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઈલ.
- નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિશિષ્ટ ફાઈલ